વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ જુલાઈ, ૨૦૨૪ Vol. 18 No. 7


# નબળા ધાર્મિક ઠેકેદારો પારેવડાં પર શૂરા



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyashodhaksabha.com પર જાઓ.**

## માંડલેવાલાને ગુમાવ્યાનો ભારે અફસોસ !





કીર્તિભાઈ માંડલેવાલા નખશીખ રેશનાલિસ્ટ હતા. સત્યશોધક સભાની અનેક પ્રવૃત્તિઓ પ્રસંગે તેઓ ઉત્તમોત્તમ ફોટા પાડવા માટે એમના કેમેરા સાથે હાજર રહેતા. પ્રસંગોપાત સત્યશોધક સભાને દાન આપતા. રેશનાલિઝમ અને માનવવાદના અંતર્ગત સંબંધોને તેઓ બરાબર સમજતા હતા. આથી તેઓ વંચિતોના સશક્તિકરણ માટે તન, મન, ધનથી શકય તે બધુ કરી છૂટતા. માંડલેવાલાને તા. ૧૫–૦૬–૨૪ના રોજ ગુમાવ્યાનો અફસોસ સત્યશોધક સભાની કારોબારીએ આ ઠરાવ દ્વારા વ્યકત કર્યો છે.

આપણા ભૂતપૂર્વ કારોબારી સભ્ય દાતા અને સક્રિય કાર્યકર કીર્તિભાઈ માંડલેવાલાના નિધન અંગે કારોબારીની આ સભા શોક વ્યક્ત કરે છે. તેઓશ્રી સત્યશોધક સભાની મોટા ભાગની પ્રવૃત્તિઓ પ્રસંગે ફોટા પાડીને પ્રસંગોને ચિરંજીવ બનાવતા હતા. એમના મિલનસાર સ્વભાવને કારણે તેઓ સત્યશોધક સભાના કાર્યકરો સાથે સહેલાઈથી ખભેખભા મિલાવીને કાર્યો કરતા હતા. એવા શ્રી કીર્તિભાઈની વિદાય વસમી છે. આ સભા એમને ભાવપૂર્વક અંજલિ અર્પે છે.

તા. ૧૮–૦૮–૨૪ના રોજ મળેલ એમની સ્મૃતિ સભામાં પ્રમુખશ્રી સૂર્યકાન્ત શાહે એમને અંજલિ આપ્યા બાદ કરોબારીનો ઠરાવ સભાને વાંચી સંભળાવીને એમના પુત્રને તે સુપ્રત કર્યો હતો. આ પ્રસંગે આપણા પૂર્વપ્રમુખ સિદ્ધાર્થ દેગામીએ પણ એમને અંજલિ અર્પી હતી.

# સત્યાન્વેષણ

**મુખ્ય સંપાદક**

સૂર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

**સંપાદક મંડળ**

ડૉ. સુષ્મા અય્યર

મનસુખ નારિયા
જનક બાબરીયા

૧૫ જુલાઈ, ૨૦૨૪ | સળંગ અંક : ૩૯૨ | Vol. 18 No. 7


## નબળા ધાર્મિક ઠેકેદારો પારેવડાં પર શૂરા

**–સૂર્યકાન્ત શાહ**

બિલકુલ અવાસ્તવિકતા પર ઉભો રહેલ ધર્મ ભય અને લાલચ જેવી તિરસ્કૃત લાગણીઓનું સતત શોષણ કરે છે. વૈચારિક ભૂમિકા પર એ સાવ પોલો છે. એને અને હકીકતને કોઈ મેળ ખાતો જ નથી. એના ગ્રંથોમાંના ઉટાંગ–પટાંગ લખાણો અને એ ગ્રંથોને આધારે ધાર્મિક ઠેકેદારો સતત ભય–લાલચના ઉપદેશો આપે છે. જન્મને કારણે દરેક થોપી બેસાડાતા ધર્મ તળે સામાન્ય વ્યક્તિ દબાઈ જાય છે. જન્મથી જન્મગત ધર્મના પડેલા કુસંસ્કારોમાંથી એ છટકી શકતી નથી. એ છટકવા જાય તો ઠેકેદારો એને 'ઠેકાણે' પાડી દે છે ! સવાલ એ ઊભો થાય છે કે, 'એ કોને 'ઠેકાણે પાડે છે ?' શું એના ધર્મ નામની દુકાનના બાંધેલા આજન્મ બધા જ ગ્રાહકોને એ 'ઠેકાણે' પાડી દે છે ? 'ઠેકાણે' એટલે જુલમથી માંડી ખૂન ! એમના ધર્મનું ધનોતપનોત નીકળવાનો ભય ખાસ કરીને થતા આંતરધર્મીય લગ્નોમાં એમને દેખાય છે. કોઈપણ ધર્મની દ્રષ્ટિએ મહિલા એ પુરુષની 'મિલકત' છે. એ મિલકત 'પવિત્ર' રહેવી જોઈએ અને એના ધર્મનો પુરુષ જ એનો 'માલિક' હોવો જોઈએ તેવું દરેક ધર્મના ઠેકેદારો ભારપૂર્વક માને છે, અને ભગતો પાસે તે


**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

કબૂલ કરાવે છે. એક એવું વાતાવરણ પેદા કરવામાં આવે છે કે આંતરધર્મીય લગ્ન કરવા એક ગુનો છે.  તેમાં યે પવિત્ર રહેવા સર્જાયેલી મહિલા નામની મિલકતનો માલિક તો પરધર્મી બની શકે જ નહીં ! આ વાતાવરણ એટલું બધું ઝેરીલું બનાવી દેવામાં આવ્યું છે કે ભારતમાં રોજ પાંચ–પ્રેમી–પંખીડાઓના અને ખાસ તો પ્રેમિકાનાં ખૂન થાય છે !

શું ધાર્મિક ઠેકેદારો બધાં સાથે આવો સમાન વ્યવહાર કરે છે ? હમણાં જ હિન્દુ મહિલા અને અભિનેત્રી સોનાક્ષી સિંહા મુસ્લિમ ઈકબાલ સાથે પરણી ગઈ. 'લવ જેહાદ' હોવાના ધિક્કારપાત્ર મુદ્દાને આગળ વધીને કોઈએ આ પ્રેમી યુગલને કશું નુકસાન પહોંચાડયું નહીં. ઊલટાના એમના લગ્ન રંગેચંગે ઉજવાયા. સોનાક્ષી અભિનેત્રી છે એટલે એ જોવું જોઈએ કે ફિલ્મોના ક્ષેત્રે શું આવા આંતરધર્મીય લગ્ન પહેલા છે ?' ના...જેટલા જાણમાં છે એવા બીજા સાત લગ્ન તો છે જ. છેક કિશોર–મધુબાલાના લગ્નથી આ પ્રકારના  લગ્નોનો સિલસિલો ચાલુ જ રહ્યો છે. કિશોર–મધુબાલા ઉપરાંત સુનીલ દત્ત–નરગીસ, સુનીલ શેટ્ટી–માના કાદરી, મનોજ બાજપાઈ–શબાના રઝા, શાહરુખ ખાન–ગૌરી, રીતિક રોશન–સૂઝેન ખાન અને કરિનાકપૂર–સૈફ અલીખાન યુગલો તો તરત ધ્યાનમાં આવે છે. સોનાક્ષી સાથે આવા આઠ યુગલોમાંથી પાંચ પુરુષો હિંદુઓ છે અને ત્રણ હિંદુ યુવતીઓ છે ! આ આઠેના લગ્ન અને ત્યાર પછીના એમના જીવનમાં ધાર્મિક ઠેકેદારોએ ટાંગ અડાડી હોય એવું જાણવામાં નથી આવ્યું. આવું જ અતિ શ્રીમંતો અને સત્તાધારી રાજકારણીઓના કુટુંબો પરત્વે ધાર્મિક ઠેકેદારોએ મૌન જ પાળ્યું છે.

આમ છતાં આંતરધર્મીય લગ્નો કરનારા પૈકી રોજ સરેરાશ પાંચના આ દેશમાં ખૂન થાય છે ! અન્ય અસહ્ય જુલમો તો અલગ. આ બતાવે છે કે ધાર્મિક ઠેકેદારો અંદરથી પોલા અને નબળા છે. તેઓ પારેવડાં જેવા મધ્યમ વર્ગના, સામાન્ય, ગરીબ વર્ગના, પ્રેમી યુગલો પર જ ત્રાસ ગુજારે છે. તેમાંયે પોતાના ધર્મની મહિલાનું તો કાસળ જ કાઢી નાંખે છે. આ બતાવે છે કે ધર્મ સામાન્ય જનનો અને ખાસ તો મહિલાઓનો વિરોધી છે. એ અસમાનતાને સતત પોષે છે. રેશનાલિસ્ટો અધર્મના આ સમાજ વિરોધી મુદ્દાને બરાબર સમજે અને અન્યોને સમજાવે.

# પરિણામોનાં પરિમાણ

–તંત્રીલેખ

ચૂંટણી પહેલાંના દશ વર્ષમાં આખા દેશમાં ધીમે ધીમે એવું વાતાવરણ તૈયાર થયું હતું કે જેમાં ઘણી અવૈજ્ઞાનિક વાતોનો સ્વીકાર કરવા જેવો નથી, એ કહેવાની આપણામાં હિંમત નહોતી. જો એવી હિંમત દર્શાવીએ તો એક યા બીજા ફંદામાં આપણે ફસાવી દેવામાં આવે કે જેથી એવી હિંમત દર્શાવવાનો આપણને પસ્તાવો થાય. એ દશ વર્ષ દરમિયાન એવા અનુભવો એકાધિક રેશનાલિસ્ટો અને સ્પષ્ટ વક્તાઓને થયા છે. એમાંના કેટલાંક હજી જેલમાં સબડે છે. છેલ્લો દાખલો જાણીતા લેખિકા અને ચિંતક અરૂંધતી રૉયનો છે. ચૂંટણી દરમિયાન અને પ્રચારમાં અવૈજ્ઞાનિકતાના મશાલચીઓનો દેખાડો તો એવો હતો કે તેઓ ત્યાં સુધીની સત્તા ભોગવશે કે જે એમને બંધારણના મૂળભૂત કલેવરને પણ બદલવાના અધિકાર આપશે. આપણે રેશનાલિસ્ટોને ક્ષિતિજે કાળાં ડીબાંગ વાદળો દેખાતાં હતાં. મોટા ભાગના સાહિત્યકારો અને જાહેરમાં ચિંતન કરનારા પવનની દિશાનુસાર લખવા માંડયા અને બોલવા માંડયા હતા.

વૈજ્ઞાનિક અભિગમ અને રેશનાલિઝમ ગણ્યાગાંઠયા લોકોનું ગઈકાલનું ગાંડપણ થઈને રહેશે એવી આ ચિંતકોએ જ આગાહી કરવા માંડેલી. ચૂંટણીમાં પ્રચારનો મુખ્ય ધ્વનિ પણ અવૈજ્ઞાનિકતાથી ભરપૂર એવાં આશીર્વાદ, શ્રાપ, ચમત્કાર, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ, કોઈક અલૌકિક તત્ત્વનો જાદુ, અલગ અને વિરોધી મત ધરાવનારાને અપાતા કલંકભર્યા લેબલો, અવૈજ્ઞાનિકતામાં માનતા એક મોટા જૂથના એવા જ અવૈજ્ઞાનિકતામાં માનતા પણ નાના જૂથ પરના પ્રહારોથી વાતાવરણ એટલું બધું કલુષિત થઈ ગયું હતું કે વધુ ને વધુ ડાહ્યા પણ સ્વાર્થી માણસો આ દેશને છોડવા તૈયાર થઈ ગયા હતા !

આવા હવામાનની વચ્ચે મતગણતરી શરૂ થઈ અને પરિણામો જાહેર થવા માંડયા. એમાં કયો પક્ષ  જીત્યો અને કયો હાર્યો તે તપાસવાનો અભિક્રમ અત્રે નથી. એ પરિણામો થકી રેશનાલિઝમની દષ્ટિએ કયાં પરિમાણો પેદા થયા તે તપાસવાનો અભિક્રમ અત્રે છે.

પહેલું પરિમાણ તો એ પેદા થયું કે ધાર્મિક સ્વાતંત્ર્ય આપ્યા બાદ પણ આપણું બંધારણ જેટલું અને જેવું વૈજ્ઞાનિક અભિગમને પુરસ્કારે છે તે પુરસ્કારવાનું ચાલુ રહેશે. બંધારણના મૂળગત માળખાને જ બદલી સમગ્ર રાષ્ટ્રને અવૈજ્ઞાનિકતાની નાગચૂડમાં જકડી રાખવાનું શકય બનશે નહીં. આ પરિમાણ આપણે રેશનાલિસ્ટો માટે ખૂબ રાહતભર્યું છે. હવે આપણા રેશનાલિસ્ટોનું કામ છે કે આપણે આજુબાજુ અને આપણાં મંડળોમાં સંબંધિતોને સમજાવીએ કે અવૈજ્ઞાનિકતાનો કદી સ્વીકાર કરી શકાય જ નહીં. આ કરવું ખૂબ જરૂરી છે કારણ કે અવૈજ્ઞાનિકતાના મશાલચીઓ ૨૦૨૯ની ચૂંટણીમાં અને વચગાળામાં પણ પોતાના સમાજવિરોધી લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે ખૂબ સક્રિય રહેવાના જ છે.

આ પરિણામોનું બીજું પરિમાણ એ આવ્યું છે કે કોઈપણ વૈશ્વિકથી માંડી સ્થાનિક મુદ્દાઓ પર ચર્ચાને સ્થાન મળશે. આ તંત્રીલેખ પ્રસિધ્ધ થશે તેટલા સમયમાં પણ દેખાઈ રહ્યું છે કે વિવિધ મત વ્યકત કરતા અને તેના પર તલસ્પર્શી ચર્ચા કરતા અનેક બુદ્ધિજીવીઓ અને વાચાળો 'મેદાન' માં આવવા માંડયા છે. ચર્ચામાં બુદ્ધિવાળા અને બુદ્ધિ વગરના બન્ને કથનો થતા હોય છે, પરંતુ ચર્ચાનું ઘમ્મરવલોણુ જેમ જેમ ઘુમરાય છે તેમ તેમ એની સપાટી પર માખણ સ્વરૂપ બુદ્ધિવાળી દલીલો અને તેમાં મોટાભાગનાની સંમંતિ તરતી થાય છે. રેશનાલિઝમ આ જ તો માંગે છે !

આ પરિણામોનું ત્રીજું પરિમાણ એ પેદા થયું છે કે ભયગ્રંથિનું કદ નાનું થયું છે. મોટા ભાગની ખુશામતના મૂળમાં ભયગ્રંથિ હોય છે. માણસો ભય પામતા હોય છે તેથી ભય પમાડનારની ખુશામત કરીને સલામતિ શોધે છે. આપણે રેશનાલિસ્ટો તો જાણીએ છીએ કે જે ખુદા, ગોડ, ભગવાનથી ઓળખાતા અપાર્થિવ અવાસ્તવિક તત્ત્વના 'ભગતો'ની ખુશામતમાં મહદ્અંશે ભય જ હોય છે. એમને ધર્મના ઠેકેદારોએ નર્ક, જહન્નમ, હેલના નામે એવા ભયભીત કરી દીધા હોય છે કે જેથી ભગતો 'બાપ...મને છોડ !'ની મનોવૃત્તિએ પ્રાર્થના, પ્રેયર, કે બંદગી કરતા હોય છે. ચૂંટણીનાં આ પરિણામો પહેલાં ભયનું સામ્રાજ્ય એટલું બધું હતું કે ભલભલા ખેરખાં ખુશામતિયા બની ગયા હતા. આ પરિણામનું એક પરિમાણ એ આવ્યું છે કે આ ભયગ્રંથિનું સામ્રાજ્ય ઓછું થયું છે. એ સંપૂર્ણ નાબુદ થઈ છે તે એટલા માટે કહી શકાતું નથી કે ભય પમાડનારને ભય નામના શસ્ત્રથી જે સત્તા, પ્રસિદ્ધિ અને અહંકાર મળ્યા હોય છે તે પુનઃ પ્રાપ્ત કરવા માટે ધમપછાડા કરે જ. એના

ધમપછાડા નિષ્ફળ જાય તે માટે લોકશાહી અપેક્ષિત પ્રજાની સતત જાગૃતિ જ કામ લાગે. આ પરિણામો પછી હમણાં તો નિર્ભયતાનું વાતાવરણ ફેલાતુ દેખાય છે. નીટ પરીક્ષામાં થયેલ ગોટાળાથી માંડી માતેલા સાંઢ જેવા કૃપાપાત્ર બળાત્કારીઓ વિરુદ્ધ લોકો બોલવા માંડયા છે, દેખાવો કરવા માંડયા છે. 'અમને સાંભળો'નો અવાજ બુલંદ થવા માંડયો છે. કંઈ કેટલાયે જનમાધ્યમો અને તેમા કાયમ કરતા લેખકો, ઉદ્‌ઘોષકો, કાર્યક્રમ આપનારા પણ બદલાતી દિશાવાળા પવનાનુસાર સઢ ફેરવવા માંડયા છે. ભયગ્રંથિજન્ય એમની ખુશામતને બદલે નિર્ભયતાપૂર્વકના નિવેદનો અને વિવરણો શરૂ થયા છે. રેશનાલિસ્ટો આ જ તો માંગે છે. 'નિર્ભય બનો' !

આ પરિણામોનું ચોથુ પરિમાણ વિકેન્દ્રીકરણની પકડાતી દિશા છે. બધા જ પ્રકારની સંસ્થાઓ પર જે એકહથ્થુ સત્તા મેળવીને અને પછી એક રાષ્ટ્ર, સમરસતા, દેશપ્રેમ નહીં પણ દેશાભિમાન જેવા મીઠાં મધ જેવા પણ ઝેર ફેલાવતાં સૂત્રોની મદદથી આવડા મોટા દેશમાં જે કેન્દ્રીકરણ થઈ રહ્યું હતું એના પર રુકાવટ આવી છે. પ્રજાને પોતપોતાના વર્તુળમાં પોતાના અને પોતાની રીતે નિર્ણયો લેવાના દિવસો પુનઃ શરૂ થાય એવી શકયતા ઉભી થઈ છે. કેન્દ્રીકરણ જ એકહથ્થુ સત્તા અને સરમુખત્યારશાહીવાળી તદ્દન ઈર્‌રેશનલ રાજ્યવ્યવસ્થાને પેદા કરે છે. વિકેન્દ્રીકરણ એ થતું અટકાવે છે આથી જ રેશનાલિસ્ટો સામાન્ય જનના હક અને અધિકારનો આગ્રહ કરે છે. આ પરિણામોથી આ પણ એક આશાસ્પદ પરિમાણ પેદા થયું છે.

આ ઉપરાંત અન્ય પરિમાણો કે જે સમાજને વધારે રેશનલ બનવા તરફ લઈ જાય તેવા પેદા થયા જ છે. એ બધાને રેશનાલિસ્ટોએ ઓળખવા પડશે અને તે બધાંની પોતાની શક્તિ–મતિ અનુસાર માવજત કરવી પડશે.

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષિક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

## આપણામાં તારા, અને તારામાં આપણે !

તેર અબજ વર્ષે પૂર્વે જે મોટો ધડાકો (Big Bang) થયો તેનાથી પ્રવર્તમાન સચરાચરના સર્જનની શરૂઆત થઈ. પહેલા વિવિધ પ્રકારના વાયુઓ પેદા થયા. એમાંથી તારાનું સર્જન થયું. એ તારા પેદા થયા, કદમાં મોટા થયા, ફાટયા અને એમનામાં સમાવિષ્ટ તત્ત્વો ચોમેર ફેંકાયા. એમાં વાયુ ઉપરાંત ખનિજો હતા, ઉલ્કાઓ હતી. ગ્રહોના ગ્રહો હતા, પાણી પણ હતુ અને હવા પણ હતી ! એમાંના થોડા આપણી પૃથ્વી પર પણ ફેંકાયા. આ બધા વચ્ચે રાસાયણિક સંયોજન થયું જેણે 'જીવ'નું સર્જન કર્યું. એ જીવની ઉત્ક્રાંતિ થઈ કે જેણે છેલ્લે છેલ્લે માનવ શરીરનું સર્જન કર્યું. ઉત્ક્રાંતિ થવી બંધ થઈ નથી. કદાચ માનવશરીરથી પણ અલાયદુ નવું જ શરીર ધરાવતા જીવો પૃથ્વી પર ભવિષ્યમાં વિચરે પણ ખરા ! એ જે હોય તે. અત્યારે આપણો જીવ અને શરીર બન્ને તો તારાના પૃથ્વી પર પડેલા અવશેષોના બનેલા છે. આપણા પ્રપ્રપ્ર...પિતામહ તો તારા અને નિહારિકામાં સમાવિષ્ટ વાયુઓ છે, એ નક્કી ! આમ આપણામાં તારા છે. આપણું શરીર જ્યારે નિશ્ચેતન થાય છે ત્યારે એને દાટવામાં આવે કે બાળવામાં આવે. એનાં તત્ત્વો સતત પહેલા હવામાં અને કેટલાક આમાંથી છટકીને સચરાચરમાં દૂર દૂરના પ્રવાસે નીકળે છે. જેમાંના કેટલાંકને નજીકનો તારો ગુરૂત્વાકર્ષણથી ખેંચીને પોતાનામાં સમાવે છે. મતલબ કે તારામાં આપણે હોઈએ છીએ ! કેવી મજાની આ સાઈકલ છે !!

## ચિંતનકણિકા

**સંપાદક : મોહનભાઈ પટેલ**
**Mo. - 97278 18391**

* આપણી કરુણતા એ છે કે, આપણે સત્તા અને મહાનતા વચ્ચેનો ભેદ ભુલી ગયા છીએ. **—સ્ટુઅર્ટ ઉડાલ**

* ખરેખર સત્તા રાજકારણીઓ અથવા ધાર્મિક નેતાઓના હાથમાં નહીં...પરંતુ વૈજ્ઞાનિકોના હાથમાં હોય તો સારું. **—ઓશો જરનીશ**

* 'હજારો વર્ષની ઉત્પત્તિમાં પૃથ્વીએ એકપણ દિવસ શાંતિ અનુભવી નથી. જેથી દુનિયાને બુદ્ધ અને યુદ્ધ વચ્ચેની પસંદગી કરી લેવાની રહેશે.' **—પં. જવાહરલાલ નેહરૂ**

* જે ધર્મ અસંતોષ માટે છે—પણ સંતોષ માટે નથી. જે ધર્મ ભીડ માટે છે પરંતુ એકાંત માટે નથી. જે ધર્મ આળસુઓ માટે છે પણ પરિશ્રમ માટે નથી, જે ધર્મમાં અતિ કઠિન ઉપાયો છે પણ સુગમતા નથી, એ ધર્મ નથી.
**—ગૌતમ બુદ્ધનો મહત્વનો સંદેશ**

## જાદવ પૂછે છે :

સત્યશોધક સભાના એક મંત્રી જાદવ વેકરિયા પૂછે છે :

વિવેકબુદ્ધિ (Rationalism) અને અવિવેક (Irrationalism) નો પ્રચાર : આવી બન્ને ધારા ચાલે છે, તેમાં અવિવેકબુદ્ધિમાં ટોળાં (સંખ્યા) કેમ વધારે થાય છે ?

ઉત્તર : બનતી ઘટનાને તપાસવા **સૂર્યકાન્ત શાહ**

વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરવાનો વિચાર પાંચસો–છસો વર્ષ જૂનો છે. વૈજ્ઞાનિક પદ્ધતિના સફળ ઉપયોગથી વિજ્ઞાનાધારિત સંશોધનો થવા માંડયા. આ બન્ને પરિબળોએ કેટલાક ચિંતકોને વિવેકબુદ્ધિવાદ તરફ દોર્યા. સામાજિક, રાજકીય, કૌટુંબિક ઘટનાઓના મૂળમાં કોઈને કોઈ કારણ હોય જ. એવા પ્રતિતીકારક કાર્ય–કારણના સંબંધોને જ સ્વીકારવા. અન્યથા જે કંઈ દાવા કરવામાં આવે તે પરત્વે સંશય દાખવવો. સંશય રાખવાનાં આ તત્ત્વો, ધર્મો, ધર્મગ્રંથો, ધાર્મિક ઠેકેદારોના દાવાઓને પણ તપાસવા માંડયા. એમાંના મોટા ભાગના ગપ્પાં પુરવાર થયાં.

લાંબા માનવ–ઈતિહાસમાં વિવેકબુદ્ધિવાદ ખૂબ નવો અને આધુનિક છે. અવિવેક–બુદ્ધિવાદ ખૂબ જૂનો છે. એના પ્રચાર માટે જૂના ધર્મગ્રંથો, ધાર્મિક સ્થાનો, એ સ્થાનોમાં વર્ષોથી સંચિત થયેલ સંપત્તિ, આક્રમક ધાર્મિક ઠેકેદારો, ખાસ કરીને 'ધાર્મિક લાગણી'ને કાયદાઓમાં મળેલ અપ્રમાણસરનું રક્ષણ વગેરે કાર્યરત છે. ખાસ કરીને મા–બાપ તરફથી બાળકને ધર્મના કુસંસ્કાર ઠાંસી ઠાંસીને સીંચવામાં આવે છે. ધર્મનું આંતર–તત્ત્વ શ્રદ્ધા છે. શ્રદ્ધા બુદ્ધિને લકવો લગાડતો મલમ છે ! આમ, બુદ્ધિને નહિ વાપરવાની, બનતી ઘટના અને હાજર તત્ત્વોની તલસ્પર્શી તપાસ નહીં કરવાનો કુસંસ્કાર અને સંશય કરનારાનો તો વિનાશ જ થવાનો હોવાની દ્રઢ માન્યતા અવિવેકબુદ્ધિવાદીઓની જમાત જ પેદા કરે છે.

વિવેકબુદ્ધિવાદ આ બધાથી ઊલટી વાત કરે છે. બુદ્ધિ વાપરો, ખુલ્લા મનથી કશું પણ તપાસો અને સંશય કરતા તો રહેવાનું જ. આથી જ્યારે અવિવેબુદ્ધિવાદનો પ્રચાર થાય છે ત્યારે 'ટોળા' પેદા કરવાના કાચા માલ જેવી પેલી 'જમાત' તૈયાર જ હોય છે ! વિવેકબુદ્ધિવાદીઓએ તો આ જમાતના લોકોને પૂરાં પ્રેમ અને ધીરજથી સમજાવવાના છે કે એમણે આ કુસંસ્કારો છોડવાના છે, ધર્મ ધતિંગ છે, ધંધો છે અને સંશય કરતા રહેશો તો જ સાચું જ્ઞાન મળશે. જ્ઞાનાનંદ મળશે. આ બધું સમજવાનું તો ઠીક સાંભળવાને

માટે પણ તેઓ તૈયાર નથી. વિવેકબુદ્ધિવાદીઓએ એ બરાબર સમજવાનું છે કે તેઓ નહીં સાંભળે અને નહીં સમજે તેમ જ આગળ વધીને ધિક્કારે–હુમલા કરે તો પણ આપણે આ જ જમાતને વિવેકબુદ્ધિવાદી બનાવવાની છે. એમના પરત્વે વિવેબુદ્ધિવાદીઓને પ્રેમ જ હોવો જોઈએ.

આમ છતાં, જાદવ અને અન્ય મિત્રોએ આનંદવાનું એ છે કે આ જમાતના વધુ ને વધુ મોકો વિવેકબુદ્ધિવાદીઓને 'કાન' આપવા માંડયા છે. એમના ધર્મના કુસંસ્કારક હળવા થવા પાંડયા છે અને કેટલાકે તો જાહેરમાં જણાવવા માંડયું છે કે તેઓ 'વિવેકબુદ્ધિવાદી' છે ! આથી જ જાદવ ! મંડયા રહો !!

---

## અગણિત પૃથ્વીઓ

હોકીંગ સામાન્ય ગણતરી મૂકે છે. સચરાચરમાં અબજોના અબજો તારા છે એ નક્કી થયું છે. વૈજ્ઞાનિકોનો અંદાજ છે કે પાંચમાંથી એક તારાને પૃથ્વી જેવા ગ્રહો છે. સૂર્યથી પૃથ્વીનું જેટલું અંતર છે તેટલા જ અંતરેથી આ ગ્રહો એમના પોતાના તારાની આજુબાજુ ગોળગોળ ઘુમે છે. એનો અર્થ એ થયો કે તેવા ગ્રહોમાંથી કોઈને કોઈમાં જીવ સૃષ્ટિ હશે જ. આજે નહીં તો કાલે આવી જીવ સૃષ્ટિનો આપણને પરિચય થશે જ, એવું હોકીંગનું માનવું છે.

---

## અપીલ

ગુજરાતી–ભાષીઓ માટે રેશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ.ઓ. થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

# વૈજ્ઞાનિકો પરના જુલમોને આપણે તો નોંધીએ

**–યશવંત મહેતા**

ઈ. સ. 1214 માં ઈંગ્લેન્ડમાં સમરસેટ પરગણાના ઈલચેસ્ટર શહેર નજીકના એક ગામમાં રોજર બેકનનો જન્મ થયો. એણે ખ્રિસ્તી ધર્મની દીક્ષા લીધી કારણ કે એ માનતો હતો કે ધર્મમઠમાં એકાંત શાંતિમાં લખવા–વાંચવાની સારી સુવિધા રહે.

એકવાર ઓકસફર્ડ યુનિવર્સિટીમાં એડમંડ રિચ નામના વિદ્વાન ગણાતા પાદરી પ્રવચન કરવા આવ્યા. એમણે જણાવ્યું કે, 'એરિસ્ટોટલે કહ્યું છે તે જ જ્ઞાનની સીમા છે. વિજ્ઞાનનો આખરી શબ્દ.'

રોજરે પ્રશ્ન કર્યો. 'શું આટલા કાળમાં કોઈએ આગળ વિચાર જ નથી કર્યા ? એરિસ્ટોટલ કહે તે જ સાચું માનવાનું ?'

એડમંડ રિચ બોલ્યા કે, 'હા, એ જ સત્ય છે. પણ તમે એથી આગળ કશી પ્રગતિ કરશો તો મને આનંદ થશે. પણ પહેલાં ગ્રીક ભાષાનાં શાસ્ત્રો વાંચો !'

એણે ગ્રોસ્ટેટ નામના ગ્રીક ભાષાના વિદ્વાનનું શરણું શોધ્યું. એમને ચરણે બેસીને વિજ્ઞાનના ગ્રીક ગ્રંથો વાંચવા માંડયા. એ પુસ્તકોમાં નિરૂપાયેલાં વૈજ્ઞાનિક નિયમો–સિદ્ધાંતો ચકાસવા માંડયા. એ માટે કેટલાક વૈજ્ઞાનિક પ્રયોગ આદર્યા. એ માટેની સાધનસામગ્રી માટે મિત્રો સામે એણે હાથ લંબાવવો પડયો.

અચ્છા, માણસ પ્રયોગ કરે એટલે એને જ્ઞાન જરૂર સાંપડે. રોજર બેકનને પણ નવું ઘણું જાણવા મળ્યું. એને જોયું કે ગ્રીક પંડિતાએ પૃથ્વી, આકાશ, અગ્નિ, વાયુ, વીજળી, ધરતીકંપ વગેરે વિશે જે કાંઈ લખ્યું છે એમાં ઘણું ખરું તો માત્ર અનુમાનો અને કલ્પનાઓ દોડાવીને લખ્યું છે.

એણે આ બધી વાતો જાહેર કરવા માંડી, અને એથી જ એની તકલીફો શરૂ થઈ. અંધશ્રદ્ધાળુ સમાજને કશા પણ નવા જ્ઞાન તરફ ગજબનો અણગમો હોય છે. વૈજ્ઞાનિક પ્રયોગોનો પણ ડર હોય છે. જે કોઈ ચૂપચાપ પ્રયોગો કરે છે તો એ મેલી વિદ્યાની સાધના કરે છે. એવું આ અણસમજુ સમાજ માની લે છે. ખાસ કરીને જડમતના ધર્મગુરુઓ આવા વિચાર વંતોના વિરોધી હોય છે.

અહીં પણ ધર્મમઠે રોજરને નાસ્તિક ઠરાવ્યો. 1257 માં એને પેરિસના એક ધર્મમઠમાં કેદ કર્યા. એને કાગળ, કલમ અને પુસ્તકો ન મળે એવું કર્યું. રોજર આવી

દશામાં અર્ધપાગલ જેવો બની ગયો.

આવી દશામાં એણે દસ વર્ષ ગાળ્યાં. એ પછી વળી વડા ધર્મગુરુ (પોપ) તરીકે એના એક સંબંધીની વરણી થઈ. પોપે રોજર બેકનને ધર્મમઠની કેદમાંથી છોડાવ્યો. 1268 માં બેકન ઓકસફર્ડ પાછો આવ્યો.

એ વળી વૈજ્ઞાનિક પ્રયોગ અને વૈજ્ઞાનિક વિચારમાં પરોવાયો. વૃદ્ધ ઉંમરે બુદ્ધિ ઉલટાની સતેજ બની હતી. એણે નવી વાતો લખી. જેવી કે–

વરાળની શક્તિથી આપણે જહાજો ચલાવી શકીએ. એ જ શકિતથી આપણે રથ ચલાવી શકીએ.

એવી ગોઠવણ કરી શકીએ કે રથની પાંખો વીંઝાવા લાગે અને રથ ઊડવા લાગે.

વરાળની શક્તિનો આવો ઉપયોગ ચીંધનાર બેકન પ્રથમ હતો. વળી, એણે કાચ ઘડીને એવો બનાવ્યો હતો કે એ નાની વસ્તુને મોટી દેખાડે. દૂરની વસ્તુને નજીક દેખાડે !

વળી હાલત બદલાઈ. ઉદાર પોપ જલ્દી મરણ પામ્યો અને નવા વિચારનો એક દુશ્મન પોપ બન્યો. બેકન પર ફરી નાસ્તિકતાનો આરોપ મુકાયો. એને ફરીવાર કારાવાસમાં ધકેલવામાં આવ્યો. વળી દસ વર્ષ એ કાળી કોટડીમાં કેદ થયો.

1292 માં એને કેદમાંથી છોડવામાં આવ્યો ત્યારે એ 78 વર્ષનો ડોસો થઈ ગયો હતો. મન ભાંગી ગયું હતું. ધર્મચિંતનમાં ખૂંપી ગયો.

જીવનના છેલ્લાં બે વર્ષ જરાક શાંતિમાં વીત્યાં. આખરે 1294 ની 12 મી જૂને એંશી વર્ષે અવસાન પામ્યો. આજે તો એની કબરનું પણ ઠેકાણું નથી. પરંતુ વરાળશક્તિ અને બંદૂકના દારૂ વગેરે અંગે એણે જે શોધો કરી તે પછીના વિજ્ઞાનીઓને માટે પ્રેરક નીવડી. રોજર બેકન અનેક વૈજ્ઞાનિક શોધોનો પ્રેરક ગણાય છે. આપણને એટલું જ દુઃખ થાય કે જીવનનાં વીસ–વીસ વર્ષ એણે કારાગારમાં ગાળવા પડયાં ન હોત તો એ કેટલું વિશેષ કામ કરી શક્યો હોત !

('દિવ્ય ભાસ્કર'ની તા. ૮–૬–૨૪ ની 'બાળ ભાસ્કર' પૂર્તિમાંથી ટૂંકાવીને સાભાર.)

---

## સત્યશોધક સભાને દાન

વડોદરાના ગોત્રી ગામના શ્રી વિનોદભાઈ પટેલ 'સત્યાન્વેષણ'ના નિયમિત વાંચક છે. એમણે સ્વયંભૂ સત્યશોધક સભાને પૂરા રૂા. ૧૦,૦૦૦/–નું દાન આપ્યું છે. સત્યશોધક સભા એનો સાભાર સ્વીકાર કરે છે.

તા. ૧૩–૦૬–૨૪ **સૂર્યકાન્ત શાહ** (પ્રમુખ)

## રમણભાઈ પાઠક અને પેરિયાર–૫

# ઈ .વી. રામાસામી પેરિયાર – વ્યક્તિત્વ, સંઘર્ષ અને વિચારો

–સુગીત પાઠકજી

(સુરતની 'નવસર્જન અને ઝેવિયર્સ સેવ ફોર હ્યુમન ડેવલપમેન્ટ' સાથે રહીને સત્યશોધક સભાએ 'રમણભાઈ પાઠક અને પેરિયાર' પર સેમિનાર યોજેલો. આ સેમિનારમાં વ્યક્ત થયેલ વિવિધ વિચારોના ભાથાને 'સત્યાન્વેષણ'માં અત્રે પ્રસિદ્ધ કરવામાં આવે છે. –સૂ.)

**(ગતાંકથી ચાલુ)**

આ સમય દરમ્યાન અન્ય એક સંસ્થા જસ્ટીસ પાર્ટી એટલે કે (સાઉથ ઈન્ડિયા લીબરેશન ફેડરેશન) ની સ્થાપના થઈ હતી. સામાજિક ન્યાયની રાજનીતિ તેના કેન્દ્રમાં હતી. એણે ઘણાં સુધારાવાદી પગલાં પણ ઉઠાવ્યા હતા. આ સંસ્થા દ્વારા હિંદુ મંદિરોમાં બ્રાહ્મણોના જન્મજાત અધિકારો પર સવાલો ઉઠાવાયા હતા. પેરિયાર તે સમયમાં કોંગ્રેસમાં હતા, પરંતુ જસ્ટીસ પાર્ટીનો નિર્ણય તેમના વિચારોને અનુરૂપ હતો. તેથી તેમણે તેની પ્રશંસા કરી. પછી જસ્ટીસ પાર્ટીએ શિક્ષણ અને રોજગારના ક્ષેત્રમાં પ્રતિનિધિ કાનૂન લાગુ કરવાનો વિચાર કર્યો. પેરિયારે તેનું સમર્થન કર્યું. ત્યારબાદ પેરિયારે વાયકમ સંઘર્ષનું નેતૃત્વ કર્યું. વાયકમ જે હાલમાં કેરલમાં છે તે સમયે ત્રાવણકોર જિલ્લામાં હતું. ત્યાં અસ્પૃશ્યતાના નિયમો ખૂબ જ ચુસ્ત હતા. આ નિયમો અનુસાર કોઈપણ મંદિરની આસપાસના વિસ્તારોમાં હરિજન–દલિતો વર્જિત હતા. આ સામાજિક સુધારા માટે, કેરલ કોંગ્રેસના નેતાઓના આગ્રહના કારણે પેરિયારે વાયકમ આંદોલનનું નેતૃત્વ કર્યું. આ આંદોલનમાં પેરિયારના પત્ની અને મિત્રોએ પણ તેમને સાથ આપ્યો. આ આંદોલનમાં સામાન્ય જનતાની જીત થઈ. ત્યાંના મંદિરો દ્વારા બનાવવામાં આવેલા નિયમો તેમણે હટાવવા પડયા. વાયકમ આંદોલન પછી પેરિયારે કોંગ્રેસમાં આલોચનાનો સામનો કરવો પડયો, પરંતુ ગાંધીજીનું આ આંદોલનને સમર્થન હતું જેથી કોઈ જાહેરમાં કશું બોલી શકતું નહીં.

આ સમય દરમિયાન તીરુનેલવલ્લી ખાતે એક નેશનલ સ્કૂલ ચલાવવાની શરૂઆત કરવામાં આવી. તેને માટે કોંગ્રેસે અને અન્ય સંગઠનોએ ચંદો ભેગો કરવાનું કામ

શરૂ કર્યું. આ શાળા માટે તમામ જાતિના લોકોએ ચંદો આપ્યો હતો. આ શાળાના પ્રિન્સિપાલ વી. વી. ઐયર હતા. તેઓ કટ્ટર જાતિવાદી હતા. તેઓ સવર્ણો સિવાયના છોકરાઓ સાથે ખૂબ ભેદભાવ રાખતા. તેથી પેરિયારે કોંગ્રેસના નેતા તરીકે હાકલ કરીને શાળાને મળતો ચંદો બંધ કર્યો, છતાં વી. વી. ઐય્યરનું એટલું વર્ચસ્વ હતું કે તેઓ ચંદો લઈ આવવામાં સફળ રહેતા. આ ઘટના બાદ પેરિયારે કોંગ્રેસમાં રહીને સરકારી નોકરી માટે જાતિ સંખ્યાને ધ્યાનમાં લઈને પ્રતિનિધિત્વ આપવાની માંગણી કરી, જેનો પક્ષમાં રહેલા સવર્ણો દ્વારા વિરોધ કરવામાં આવ્યો. આમ થવાથી પેરિયાર પાસે માત્ર એક જ રસ્તો બચ્યો કે જનતાની વચ્ચે જઈને તેઓ લોકોને પોતાની લડાઈ પોતે લડતા શીખવાડે. તેમણે તે સમયની ડેમોક્રેસી  માટે 'બ્રાહ્મણોકેસી' શબ્દ વાપર્યો હતો. તેમણે સામાજિક ચેતના ફેલાવવા માટે 'કદી અરાસુ' નામનું મુખપત્ર શરૂ કર્યું.

૧૯૨૫માં પેરિયારે કોંગ્રેસને છોડીને 'બ્રાહ્મણવાદ'ની વિરુદ્ધ સંઘર્ષ કરવાનું નક્કી કર્યું. તેમણે ૧૯૨૫માં 'સ્વસન્માન' આંદોલનની શરૂઆત કરી. તેમાં તેમણે ગૈરબ્રાહ્મણ નેતાઓનું સંમેલન બોલાવ્યું. પેરિયારે વર્ણવ્યવસ્થાની જડ ખલાસ કરવાનું વિચાર્યું. ૧૯૨૭માં ગાંધીજી પેરિયારને મળ્યા. તેમણે પેરિયારને મનાવવાના પ્રયત્નો કર્યા, પરંતુ પેરિયારે કહ્યું કે 'જ્યાં સુધી ઝેર જેવા વર્ણવ્યવસ્થા પર ટકેલા ધર્મને ઉખાડીને ફેંકવામાં નહીં આવે ત્યાં સુધી સામાજિક કુરીતિઓને દૂર કરવી અશકય છે.' તે સમય દરમિયાન 'નાગા પટ્ટીનમ' નામની જગ્યાએ રેલવે મજૂરોની હડતાલ થઈ. પેરિયારે તે હડતાલનું સમર્થન કર્યું. ત્યારબાદ તેમને જેલમાં પુરવામાં આવ્યા. જેલમાંથી છૂટયા પછી પેરિયાર ફરી પાછા કામદારોની વચ્ચે જઈને કામ કરવા લાગ્યા. ધીરે ધીરે કરતા જસ્ટીસ પાર્ટી અને  પેરિયારની સામાજિક ન્યાયની લડતને કારણે ગૈરબ્રાહ્મણ, મહેનતકશ વર્ગ તેના અધિકારોને માટે જાગૃત થતો હોય તેવું સામાજિક રૂપે દેખાવા લાગ્યું. ૧૯૨૮માં પેરિયારે અંગ્રેજી ભાષા બોલનારા લોકો સુધી પહોંચવા માટે 'રિવોલ્ટ' નામનું અખબાર શરૂ કર્યું. તેનાથી સમાજના બદ્ધિવાદી લોકોએ પણ તેમના વિચારોને સ્વીકાર્યા. પેરિયારનું 'સ્વસન્માન' આંદોલન સમાજની વચ્ચે મજબૂત પકડ બનાવવા લાગ્યું. ત્યાર પછી તેમાં ઘણા બધા ક્રાંતિકારી નિર્ણયો થવા લાગ્યા. જેમ કે મંદિરમાં ચંદો નહીં આપવો. જે મંદરિમાં કોઈ ચંદો આપ્યો હોય તો તેનો ઉપયોગ શિક્ષણના કામોમાં કરવો. લગ્ન માટે કર્મકાંડી

બ્રાહ્મણોને ન બોલાવવા, જેને 'સ્વસન્માન – વિવાહ' નામ આપવામાં આવ્યું. અંધશ્રદ્ધાનો વિરોધ અને બુદ્ધિવાદી ચેતનાર 'સ્વસન્માન' આંદોલનના પાયા હતા.

પેરિયારે સ્ત્રી સન્માનને માટે પણ અનેક કાર્યક્રમો કર્યા. પેરિયારનું માનવું હતું કે સ્ત્રીનું સન્માન ત્યાં સુધી થાય નહિ જ્યાં સુધી સ્વયં સ્ત્રીઓ તેમના પ્રશ્નોને લઈને સમાજની સામે આગળ ન આવે. તેમણે પરિવાર નિયોજનને સ્ત્રી સ્વાતંત્ર્ય સાથે જોડવાનું કામ કર્યું. તેમના વિચારોથી પ્રેરાઈને અનેક સ્ત્રીઓએ રાજકારણમાં ઝંપલાવ્યું. તેમણે મહિલા સંમેલન, નશાબંધી સંમેલન, મંદિરોમાં દેવદાસી પ્રથાના નિર્મૂલન માટે ખૂબ કામો કર્યા. તેમણે ગીતા, રામાયણ, મનુસ્મૃતિ જેવા ગ્રંથોને જાહેરમાં સળગાવવાની ઘોષણા કરી. તેમણે પશ્ચિમના દેશોમાં જેમ નવજાગરણ કાળ (રૅનેસા) ના સમયમાં હતી. તે પ્રકારની સામાજિક ચેતના દક્ષિણના રાજ્યોમાં પેદા કરી. પેરિયારે ધર્મગ્રંથો પર ટીપ્પણી કરતા કહ્યું કે ધર્મગ્રંથો જે તે વ્યક્તિઓ/સમુહોએ તેમના સ્વાર્થને સિદ્ધ કરવા માટે લખ્યા છે. તેમણે કહ્યું કે 'ધાર્મિક લોકો તેમને ધાર્મિક સ્તરે કટ્ટર અને બોદ્ધિક રૂપે જડ બનાવે છે.' પેરિયાર ધર્મ અને ઈશ્વરને માનવ – વિકાસ માટૈ સૌથી મોટી બાધા ગણતા હતા. તે કહેતા કે આજના સમયમાં મનુષ્ય ખૂબ જ પ્રગતિ કરી રહ્યો છે હવે જુના–સડેલા ધર્મોની જરૂર નથી રહી.

પેરિયારે સમાજના બે વર્ગ શોષક અને શોષિત વચ્ચેના ટકરાવમાં શોષિત વર્ગને એટલો મજબૂત બનાવ્યો કે તેઓ તેના અધિકારો માટે સંઘર્ષ કરી શકે.

પેરિયારના માનસ પટલ પર વૈશ્વિક આંદોલનો, ક્રાંતિકારીઓની પણ ઊંડી અસરો હતી. પેરિયાર સ્પેન, જર્મની, ફ્રાંસ, ઈટાલી, રશિયા ત્યારનું સોવિયેત સંઘ વગેરે જગ્યાએ ગયા હતા. સોવિયેટ સંઘમાં પેરિયાર ૩ મહિના રોકાયા હતા. ઈંગ્લેન્ડ અને સોવિયેટ સંઘમાં પેરિયારે મજૂર સંગઠનોની અનેક સભાઓ સંબોધી.

રૂસી ક્રાંતિની ઊંડી અસરો પેરિયાર પર પડી. તેમણે ત્યાંથી આવીને દક્ષિણમાં સામ્યવાદી આંદોલનના જન્મદાતા અને સિંગરાવેલ્લુ ચેટ્ટીયારને મળ્યા. ત્યાર પછી પેરિયાર દ્વારા શરૂ કરાયેલા 'સ્વસન્માન' આંદોલને સમાજવાદી લક્ષ્ય નક્કી કરવા માટેના કાર્યક્રમો ઘડયા. જેને 'ઈરોડ પ્લાન ઓફ સોસ્યાલિઝમ' નામ અપાયુ. પેરિયારે શ્રમિકો, ખેત મજૂરોને માટે પણ અનેક સભાઓ કરી.

એ સમય દરમિયાન પેરિયારની મજૂર આંદોલનની ગતિવિધિઓ કરવા બદલ સરકારે ધરપકડ કરી. સાથે સાથે કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાના પણ અનેક નેતાઓ જેલમાં ગયા. દક્ષિણમાં મજૂર આંદોલનોને જોર પકડતું જોઈને CPI સહિત અનેક જનસંગઠનો પર આંશિક પ્રતિબંધ લગાડવામાં આવ્યા.

જેલમાં પેરિયારે વિચાર્યું કે તેમનું લક્ષ્ય 'પૂંજીપતિઓ દ્વારા કામદાર વર્ગનું કરવામાં આવતા શોષણ સામે લડવાનું નથી.' પરંતુ તેમનું લક્ષ્ય 'ધર્મ અને જાતિ આધારિત શોષણ સામે લડીને ધર્મને જડમૂળથી ઉખેડી ફેંકવાનું છે.' તેથી પેરિયાર 'સ્વસન્માન આંદોલનના' મુળ મુદ્દાઓ તરફ પાછા વળ્યા, ત્યાં સુધી દક્ષિણમાં સામ્યવાદી રાજનીતિને આગળ લઈ જવા માટે બીજી હરોળના નેતાઓ તૈયાર થઈ ચૂકયા હતા. સામ્યવાદી આંદોલન સાથે પેરિયારના સંબંધો ખૂબ જ નજીકના અને મૈત્રીભર્યા રહ્યા. પેરિયારે 'કમ્યુનિસ્ટ મેનીફેસ્ટો' નો તામિલમાં અનુવાદ કર્યો. તેથી સરકારે પેરિયાર અખબાર 'કુદી અસાસુ' પર પ્રતિબિંબ લગાડયો. તેથી પેરિયારે નવું અખબાર 'પુરાત્વી'(ક્રાંતિ) શરૂ કર્યું. પછી ૧૯૩૯માં પેરિયારે 'વિદુરયાઈ' નામનું અખબાર શરૂ કર્યું. તે સમય દરમિયાન પરિયારે તમિલ અસ્મિતા માટે સંઘર્ષ કર્યો. તે સમય દરમિયાન જસ્ટીસ પાર્ટીને હરાવીને કોંગ્રેસ રાજગોપાલાચાર્યના નેતૃત્વમાં ફરી પાછી સત્તા પર આવી હતી.

રાજગોપાલાચાર્યે હિન્દી ભાષાને અનિવાર્ય ભાષા તરીકે અભ્યાસક્રમમાં સ્થાન આપવાનું નક્કી કર્યું. તેથી હિન્દી વિરોધી આંદોલન દક્ષિણના રાજયોમાં મજબૂત થયું. આ સમય દરમિયાન 'જસ્ટીસ પાર્ટી'ની નેતાગીરી અસરકારક રહી ન હતી. તેથી જસ્ટીસ પાર્ટીમાં નવા પ્રાણ પૂરવા માટે પેરિયારને જસ્ટીસ પાર્ટીના અધ્યક્ષ બનાવવાનું નક્કી થયું. ૧૯૪૦માં પેરિયાર મુંબઈમાં ડૉ. આંબેડકરને મળ્યા. મહમ્મદ અલી ઝીણાને પણ મળ્યા. આ મુલાકાત વખતે તેમના ખાસ શિષ્ય અન્નાદુરાઈ પણ તેમની સાથે હતા.

બીજા વિશ્વયુદ્ધનો સમય નજીક આવ્યો. ઈંગ્લેન્ડને કારણે ભારતે વિશ્વયુદ્ધમાં જોડાવું પડયું. કોંગ્રેસે તેનો વિરોધ કર્યો. ઈંગ્લેન્ડ રાજકીય રીતે નબળુ પડવા લાગ્યું. દેશમાં આઝાદી મળવાની આશાઓ ઉજળી બની. આ સમય દરમ્યાન પેરિયારના આંદોલને વેગ પકડયો. રેલવે, ભોજનાલય, શાળાઓ સહિત જેટલી જગ્યાએ બ્રાહ્મણોએ બેસવાની અલગ વ્યવસ્થા હતી તે તમામ જગ્યાએ પેરિયારે આંદોલનો શરૂ કરી સામાજિક સમાનતા અને સમરસતાના

પ્રયાસો કર્યા. પેરિયાર એવું માનતા હતા કે દેશ આઝાદ થાય ત્યાર પહેલા સામાજિક સમાનતા બાબતે સરકારે વિચારવું જોઈએ. જાતિવાદ, છુઆછૂત જેવી વિકૃતિઓથી દેશને કઈ રીતે બચાવવો તેના સંદર્ભમાં સરકારોએ આઝાદી પહેલા વિચાર કરવો જોઈએ.

તેઓને મનમાં હતું કે હવે જો તરત આઝાદી મળી તો કોંગ્રેસના રાજમાં બ્રાહ્મણવાદી મૂલ્યોનો જ ફેલાવો થશે. તેનાથી તમિલ સમાજને સુરક્ષિત રાખવો એ ખૂબ મોટો પ્રશ્ન હતો. પેરિયાર રાજનીતિક દળની સીમાઓ સમજતા હતા. તેઓ એ પણ જાણતા હતા કે જનતાની વચ્ચે લોકપ્રિય થવા માટે અમુક બાંધછોડ કરવી પડતી હોય છે. એટલે એમને એવા સંગઠનની આવશ્યકતા હતી કે જે દ્રવિડ ભાષા અને સંસ્કૃતિના રક્ષણની વાતો કરે અને ક્ષેત્રીય અસ્મિતાની રક્ષા કરે.

તેથી ૧૯૪૪માં તેમણે જસ્ટીસ પાર્ટીનું નામ બદલીને ‘દ્રવિડયાર કડગમ’ કર્યું અને જાહેર કર્યું કે આ નવું સંગઠન સંપૂર્ણપણે બિનરાજકીય હશે. આ સંગઠનમાં જે સભ્ય બને તેમણે તેમના નામની પાછળ લાગેલા જાતિસૂચક શબ્દો હટાવવા પડશે.

આ દ્રવીયાર કડગમ સંગઠન ખૂબ લોકપ્રિય થતું ગયું. આ સંગઠનના ઝંડામાં કાળો રંગ અને તેની અંદર લાલ ટપકું હતું. જેમાં કાળો રંગ દ્રવિડીયનોની હિંદુ સંસ્કૃતિની આધીનતાનું પ્રતીક હતો અને લાલ રંગ ક્રાંતિનું પ્રતીક હતું.

૧૯૪૭માં આઝાદી મળી ત્યારે પેરિયારે કહ્યું કે આ આઝાદી ‘શોક દિવસ’ ના રૂપમાં મનાવવી. આ સાંભળી સરકાર સ્તબ્ધ થઈ ગઈ. ત્યારબાદ પેરિયારના સંગઠન ‘કાળી કમીજ સ્વયંસેવક દળ’ પર પ્રતિબંધો લાદવામાં આવ્યા. તેથી તેના વિરોધમાં મદ્રાસમાં લાખો લોકો રસ્તા પર ઉમટી પડયા.

૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ હિંદુ ઉગ્રવાદી નથુરામ ગોડસેએ મહાત્મા ગાંધીજીની હત્યા કરી. ત્યારે પેરિયારે આ ઘટનાની ખૂબ નિંદા કરી. ગાંધીજી સાથે વૈચારિક મતભેદો હોવા છતાં પેરિયારે કહ્યું કે, ભારતનું નામ બદલીને ‘ગાંધી નેશન’ કરવું અને હિંદુ ધર્મનું નામ બદલીને ‘ગાંધી ધર્મ’ કરવું. તે જ ગાંધીજી પ્રતિ સાચી શ્રદ્ધાંજલિ કહેવાશે.

આઝાદી પછી પેરિયારના સંગઠન દ્રવિડયાર કડગમમાં પણ યુવાનોમાં રાજકીય મહત્વાકાંક્ષાઓ પેદા થવા લાગી. ૧૯૫૦ માં સંવિધાન લાગુ થયું ત્યારે ફરી એકવાર

બ્રાહ્મણ સમાજ આરક્ષણના વિરોધમાં એકસૂર થયો. તેમનો તર્ક હતો કે આરક્ષણનો સિદ્ધાંત સંવિધાનની વિરુદ્ધ છે. પેરિયારે તે સમય દરમિયાન આરક્ષણને જાળવવા માટે ઠેર ઠેર મીટીંગો કરી. હજારોની ભીડ વચ્ચે પેરિયારની સિંહ ગર્જના સંભળાવા લાગી, અને ૧૯૫૧માં સરકારે પહેલું સંવિધાન સંશોધન કરવું પડયું. રાજ્ય સરકારોને એ અધિકાર આપવો પડયો કે સામાજિક–શૈક્ષણિક રૂપથી પછાત વર્ગો માટે રાજ્યો કાયદો બનાવી શકે. આ પેરિયારની ઐતિહાસિક જીત હતી.

પેરિયારે ૧૯૫૨માં એક નવી રીતનું આંદોલન શરૂ કર્યું. મૂર્તિઓમાં કોઈ દેવતા કે ઈશ્વર નથી, તે માત્ર પૂજારીઓના ધંધાનો એક ભાગ છે એવું સાબિત કરવા માટે તેમણે તેમના કાર્યકરોને આહવાન કર્યું કે તેઓ ઘરોમાં રહેલી મૂર્તિઓને તોડે અને પેરિયારે પણ સાર્વજનિક રૂપે ગણેશની મૂર્તિઓ તોડી હતી. તેના પછીના જ વર્ષે પેરિયારે તર્કબદ્ધ રીતે રામાયણની આલોચના કરવાનું શરૂ કર્યું. રામાયણના પાત્રોની આલોચના કરતી તેમની ચોપડી 'રામાયણ પાથીરંગલ' પ્રકાશિત થઈ ચૂકી હતી. તેનો અંગ્રેજીમાં પણ અનુવાદ કરવામાં આવ્યો. તેમના અથાક પ્રયાસોને કારણે ૧૯૬૮માં 'સચ્ચી રામાયણ' નામની તેમની ચોપડી હિન્દીમાં અનુવાદ થઈને બહાર પડી. ઉત્તર ભારતનો સમાજ આ ચોપડી હિન્દીમાં આવતાની સાથે જ ચોંકી ગયો. ઉત્તર ભારતનો સમાજ ચોપડી વાંચીને કોઈ વૈચારિક નિર્ણય પર પહોંચે ત્યાર પહેલા જ આ ચોપડીને ૯ ડિસેમ્બર ૧૯૬૮ના રોજ પ્રતિબંધિત કરવામાં આવી. આ પ્રતિબંધ હટાવવા માટે પેરિયારે ખૂબ લાંબો કાનૂની જંગ લડવો પડયો.

પેરિયારે બૌદ્ધ ધર્મ પર ટીપ્પણી કરતા કહ્યું કે 'બૌદ્ધ કોઈ ઈશ્વર નહોતા તેઓ મહામાનવ હતા.' તેમણે બૌદ્ધ ધર્મને બુદ્ધિનો માર્ગ કહ્યો. તેઓ બૌદ્ધ ધર્મના સંમેલનમાં પણ ગયા હતા. પેરિયારે આંબેડકરને હિંદુ ધર્મ ન છોડવાની સલાહ આપી હતી, અને કહ્યું હતું કે, 'જો તેઓ હિંદુ ધર્મ છોડીને બૌદ્ધ થઈ જશે તો તેઓ હિંદુ ધર્મની આલોચના કરવાનો અધિકાર ખોઈ દેશે.'

૮૦ વર્ષની ઉંમર પાર કર્યા પછી પણ પેરિયારની સામાજિક સંઘર્ષ કરવાની હિંમત ખૂટી નહોતી. હવે પેરિયાર પાસે ખૂબ મોટી ફોજ હતી. કેન્દ્ર સરકારે જેટલી વાર હિન્દી ભાષા જબરદસ્તીથી દક્ષિણના રાજ્યો પર થોપવાના પ્રયત્નો કર્યો એ તમામ વાર

પેરિયારે મજબૂતીથી આંદોલનો કર્યા. તેઓ તેમાં સફળ થયા. તેમની સાથે હવે અન્નાદુરાઈ અને કે. કરૂણાનિધિ જેવા યુવા નેતાઓ પણ હતા. જેમની સમાજ પર ખૂબ મજબૂત પકડ હતી. આ પ્રકારના આંદોલનો 'દ્રવિડ મુજીગ કડગમ' (DMK) ની ઓળખ બન્યા. ૧૯૬૭માં તેઓ વિધાનસભા ઈલેકશન જીતવામાં સફળ રહ્યા. અન્નાદુરાઈ મુખ્યમંત્રી બનતાની સાથે જ તેમણે આ જીત પેરિયારને સમર્પિત કરી. તેઓએ મંત્રીમંડળની ઘોષણા કરી પેરિયારની સલાહથી અન્નાદુરાઈએ સૌથી પહેલા ત્રણ નિર્ણય લીધા.

(૧) મદ્રાસનું નામ બદલીને તમિલનાડુ કરવું.

(૨) ત્રિભાષી ફોર્મ્યુલાની જગ્યાએ દ્વિભાષી ફોર્મ્યુલા કરી તમિલ, અંગ્રેજી અને હિન્દીમાંથી તેમણે હિન્દીને દૂર કરી અને તમિલ અને અંગ્રેજી જ એમ બે જ ભાષા રાખી.

(૩) 'સ્વસન્માન' પદ્ધતિથી થવાવાળા લગ્નોને કાનૂની માન્યતા આપી.

પેરિયારે ઉત્તર ભારતમાં પણ સભાઓ સંબોધવાની શરૂ કર્યું. દક્ષિણમાં પેરિયારે રામાયણની કોપીઓની જાહેરમાં હોળી કરી. આંદાલનો કર્યાં. તેમના પ્રયાસથી દક્ષિણ ભારતમાં શુદ્રોને મંદિરોમાં પ્રવેશવાના અધિકારો મળવા લાગ્યા, પરંતુ આ અધિકારો ખૂબ સીમીત હતા.

૧૯૭૦માં પેરિયારે નવું વર્તમાન પત્ર 'ઉન્મઈ' (સત્ય) બહાર પાડયું. અંગ્રેજીમાં 'મોડર્ન રેશનાલિસ્ટ' નામનું અખબાર બહાર પાડયું. ત્યારબાદ પેરિયારે મંદિરોના ગર્ભગૃહમાં પણ શુદ્રોના પ્રવેશને માટે આંદોલનો શરૂ કર્યાં. પેરિયારના અથાક પ્રયત્નો પછી તમિલનાડુ અને કેરલ જેવાં રાજ્યોમાં ગેરબ્રાહ્મણો અને સ્ત્રીઓ પૂજારી થઈ શકે તેવા અધિકારો મળ્યા હતા. પેરિયારે તેના છેલ્લા ભાષણમાં સંદેશો આપ્યો કે, 'સામાજિક સમાનતાનો સંઘર્ષ હંમેશા ચાલુ રાખજો. ૨૪ ડીસેમ્બર ૧૯૭૩ના દિવસે મહાન બુદ્ધિવાદી ચિંતક આંદોલનકારી સમદ્રષ્ય એવા પેરિયારનું અવસાન થયું. એવું કહેવાય છે અને તે સત્ય પણ છે કે મહાન વ્યક્તિઓ કયારેય મરતી નથી. આજે પણ તેમના વિચારો સામાજિક સંઘર્ષના રૂપમાં જીવે છે. ગુજરાતના સુરતમાં આજે સત્યશોધક સભા અને નવસર્જનના ઉપક્રમે સંમેલન કરીએ છીએ તે એ વાતની સાબિતી આપે છે કે પેરિયાર હજુ આપણી વચ્ચે છે.

વર્તમાન સમયમાં ઉત્તર ભારત, ગુજરાતના રાજકારણમાં આપણે જોઈએ છીએ કે ધર્મ અને જાતિઓને નામે કટ્ટરવાદ વધતો જાય છે. જે શોષિત વર્ગોએ ધર્મનો વિરોધ કરવો જોઈએ. તે જ બહુજન વર્ગ બ્રાહ્મણવાદી વિચારો અને ધર્મનો પ્રચાર, દેખાડો અને શકિતપ્રદર્શનમાં વ્યસ્ત છે. આથી સમાજ સુધારના ભાગરૂપે એ જરૂરી થઈ પડે છે કે ઉત્તરના રાજ્યોમાં પણ સામાજિક ભેદભાવ. જાતિવાદ તેમજ ધાર્મિક કટ્ટરતા સામે સંઘર્ષ કરવા માટે પેરિયારના વિચારોનો ફેલાવો મોટે પાયે કરવાં.

રાજકારણમાં આજકાલ મત લેવા માટે કોણ મોટો હિંદુ કે કોણ મોટો મુસ્લિમ છે તે પ્રસ્થાપિત કરવા માટે કોમી વેર–ઝેરનો સમાજમાં ફેલાવો કરવામાં આવે છે. હિંદુ–મુસ્લિમ તણાવ સમાજમાં સતત વધતો જતો જાય છે. ધાર્મિક બદીઓ આજે તેની ચરમસીમા પર પહોંચી છે. રાજકારણમાં ગરીબી, મોંઘવારી, સામાજિક ન્યાય, આર્થિક અસમાનતા, બેરોજગારી, શિક્ષણ, આરોગ્ય જેવા મુદ્દાઓ ચર્ચાવાની જગ્યાએ હિંદુ–મુસ્લિમ અઝાન–હનુમાન ચાલીસા જેવા નિરર્થક મુદ્દાઓ પર જોર આપવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં આપણી પાસે એવા બે ઉદાહરણો છે કે ધર્મનો, ધાર્મિક કુરીતિઓનો વિરોધ કરીને એક નાસ્તિક તરીકે પણ તમે સક્રિય રાજકારણમાં સફળ થઈ શકો છો. ઉત્તરમાં ભગતસિંહનું પેરિયાર કાયમ કહેતા કે સમાજમાં દારૂ, અફીણ સહિત અન્ય નશાકારક વસ્તુઓ દ્વારા જેટલું સમાજનું નુકસાન થયું છે તેના કરતાં વધારે નુકસાન ધર્મ, ધાર્મિક માન્યતાઓ દ્વારા સમાજને થયું છે. ધર્મને કારણે માનવ–માનવની વચ્ચે ભેદ ઉભો થયો છે.

પેરિયારે લખેલા લેખોમાં જણાવ્યું છે કે ઈશ્વરની અવધારણા એક બકવાસ છે. ધાર્મિક માનસિકતા કદી પણ સમાજ ઉપયોગી હોઈ શકે નહીં. બુદ્ધિમાન મનુષ્ય માટે ક્યાંય કોઈપણ ઈશ્વર નથી. આવો વિચાર લગભગ ૨૦૦૦ વર્ષ પહેલા અસ્તિત્વમાં આવ્યો હતો, પરંતુ ધાર્મિક વ્યકિતઓએ તેમનો સમાજ પરનો એકાધિકાર અને ધંધો બંધ થઈ જાય તેવા ડરથી તેમના દ્વારા આવા પ્રગતિશીલ વિચારોને ક્રૂરતાપૂર્વક દબાવી દેવામાં આવ્યા હતા.

શું જેમણે ઈશ્વરની કલ્પના કરી તેમને માફ કરી શકાય ? તેનો જવાબ 'હા' માં જ આવે કારણ કે આ કલ્પના અજ્ઞાનતાને કારણે થઈ છે, પરંતુ શું જેમણે ધર્મ શાસ્ત્રોની રચના કરી તેમને માફ કરી શકાય ? તેનો જવાબ હંમેશા 'ના' માં જ આવે કારણ કે હિંદુ, ઈસ્લામ સહિતના ધર્મશાસ્ત્રો લોકો પર પોતાનું આધિપત્ય સ્થાપવા માટે થયા છે. જે

પણ કંઈ સામાજિક દૂષણો આપણને દેખાય છે તે તમામ દૂષણો ધર્મશાસ્ત્રોની જ દેણ છે. હિંદુ ધર્મ એ સંપૂર્ણપણે બ્રાહ્મણવાદી ધર્મમાં પરિવર્તિત થઈ ચૂકયો છે. બ્રાહ્મણવાદ એક વિચારધારા છે જે સામાજિક અસમાનતાના પાયા પર રચાયેલી છે. જે પણ વ્યક્તિ, સમાજ જાતિવાદ, ઊંચનીચ, છુઆછૂતમાં માને તે તમામ શોષણવાદી વિચારધારાનો પ્રચારક છે. માત્ર બ્રાહ્મણ જ નહિ, પરંતુ જે દલિતો આદિવાસીઓ પણ આ વિચારોનો સમર્થક છે તે પણ બ્રાહ્મણવાદી જ છે.

બ્રાહ્મણો ભરપૂર માંસાહાર કરતા તેનો ઉલ્લેખ હિંદુ ધાર્મિક પુસ્તકોમાં છે. જ્યોતિષ શાસ્ત્ર વિશે પેરિયાર કહે છે કે જ્યોતિષ શાસ્ત્ર એક ગપગોળા છે. તે અવૈજ્ઞાનિક છે. લોકોને ભ્રમિત કરનારું શાસ્ત્ર છે. હિંદુ દેવી–દેવતાઓ સર્વશક્તિમાન છે અને તેની અસરો તમારા જીવન પર થાય છે તેવું બતાવવવાનું એક કાવતરું છે.

સ્ત્રી સંબંધિત વિચારો માટે પેરિયાર માનતા હતા કે સમાજમાં સ્ત્રી અને પુરુષનો દરજ્જો એક સમાન હોવો જોઈએ. સંપત્તિઓમાં પણ સ્ત્રીઓને સમાન અધિકારો મળવા જોઈએ. સ્ત્રીને તેનો જીવનસાથી પસંદ કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. મંગળસુત્ર અને બુરખાઓને પેરિયાર સ્ત્રીઓની ગુલામીનું પ્રતીક માનતા હતા.

પેરિયાર માનતા હતા કે આંતરજાતીય, આંતરધર્મના લગ્નો ખૂબ જ અગત્યના છે તેને પ્રોત્સાહન આપવું જોઈએ.

પેરિયારની આર્થિક નીતિના સંબંધિત વિચારો સામ્યવાદથી પ્રભાવિત દેખાય છે. પેરિયારે નિજી સંપત્તિનો બહિષ્કાર થવો જોઈએ તેમ જણાવ્યું છે. વધુમાં તેમણે આર્થિક સમાનતાની તરફેણ કરી છે. પેરિયારે ભૌતિકવાદમાં વિશ્વાસ દાખવતા કહ્યું છે કે એક દિવસ એવો આવશે કે જ્યારે તમામ ધર્મો પર અર્થવ્યવસ્થાની જીત થશે.

ગટર સાફ કરવી, મેલુ ઉઠાવવું વગેરે કામો માટે પેરિયારે મશિનોનો અને વૈજ્ઞાનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવા પર ભાર મૂકયો છે.

પેરિયાર આરક્ષણના સમર્થક હતા. તેઓ માનતા હતા કે સમાજમાં જાતિ આધારિત પ્રતિનિધિત્વ હોવું જોઈએ. વધુમાં તેમણે એ પણ કહ્યું છે કે પરીક્ષામાં સારા માર્ક લાવવા તે એક જ માત્ર લાયકાત હોવી જોઈએ નહિ, પરંતુ એવી આર્થિક, સામાજિક વ્યવસ્થા ઉભી થવી જોઈએ કે જેમાં દરેકને સમાન સ્થાન હોય.

પેરિયારે જણાવ્યું કે પોતે હિંદુ ધર્મમાં જનમ્યા અને તેઓ બાળપણથી જ હિંદુ ધર્મમાં રહેલી કુરીતિઓનો ભોગ બન્યા તેથી તેમણે હિંદુ ધર્મના દૂષણો અને અસમાનતાના

પ્રતીક સમા હિંદુ ધર્મ સામે સંઘર્ષ કર્યો. તે જ રીતે અન્ય ધર્મના લોકો પણ પોતપોતાના ધર્મના ખાત્મા અંગે આંદોલનો કરે. પેરિયારે જણાવ્યું કે આત્મા, ઈશ્વર, પુનર્જન્મ, સ્વર્ગ, નર્ક, પાપ, પુણ્ય વગેરે જેવી અર્થ વગરની વાતોને કારણે માનવ સમાજ વર્ષોથી મૂર્ખ બનતો આવ્યો છે. જે કોઈપણ પોતાના ધર્મ સંસ્કૃતિના સ્વર્ણિમ ઈતિહાસનું મહિમામંડન કરે તો એવું માની લેવું કે તેઓ પ્રગતિશીલ નથી. ભવિષ્યમાં થનારા પરિવર્તનને તેઓ સમજી શકશે નહીં. બાકી કોઈપણ બુદ્ધિવાદી ઈશ્વર કે આત્મા જેવી વાતોમાં વિશ્વાસ કરી શકે નહિ.

પેરિયારે તેમના જીવનકાળ દરમિયાન ગીતા અને રામાયણ જેવા પુસ્તકો પર ખૂબ જ ટીકા કરી છે. આ પુસ્તકો તેમણે તર્કની એરણ પર ચકાસ્યા છે. વિશ્વમાં અનેક રામાયણો લખાઈ. 'વાલ્મીકિ રામાયણ, તુલસીદાસની રામાયણ.' જે ઉત્તરના રાજ્યોમાં પ્રચલિત છે, પરંતુ પેરિયારે પણ એક રામાયણ લખી છે. જેનો અનુવાદ હિન્દીમાં 'સચ્ચી રામાયણ' તરીકે થયો છે. જેમાં રામાયણના પાત્રોને અન્ય રામાયણ કરતાં ભિન્ન રીતે મૂલવવામાં આવ્યા છે.

પેરિયારે દક્ષિણ ભારતના રાજકારણમાં ધાર્મિક કુરીતિઓ સામેની લડાઈને, સામાજિક સંઘર્ષ સાથે જોડીને નાસ્તિક તરીકે તમિલનાડુના રાજકારણમાં અદ્ભુત સફળતા પ્રાપ્ત કરી છે. આજે ત્યાં સત્તારૂઢ DMK પાર્ટી પેરિયારના સંઘર્ષોનું પરિણામ છે.


## સત્યશોધક સભાનાં પ્રકાશનો

(૧) વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ રૂા. ૫૦ – ડૉ. બી. એ. પરીખ
(૨) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ – ડૉ. બી. એ. પરીખ
(૩) આપણો માંદો સમાજ રૂા. ૩૦ – સૂર્યકાન્ત શાહ
(૪) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તિ) રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ
(૫) ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ
(૬) જ્યોતિષ વિજ્ઞાન નહીં, મિથ્યા કલ્પના રૂ. ૩૦ –ડૉ. બી. એ. પરીખ
(૭) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/– –સૂર્યકાન્ત શાહ

**મેળવવા માટે મ. ઓ. કરો.**

## શ્વેતાશ્વરોપનિષદચિંતન

–પ્રવિણ ગઢવી

આ ઉપનિષદ કૃષ્ણ યજુર્વેદ સંલગ્ન છે. એનો શાંતિપાઠ લોકપ્રિય છે અને ભોજન સમારંભની શરૂઆતમાં તેનો મંત્રોચ્ચાર કરવામાં આવે છે. 'સહનૌ ભુનક્તુ'નો અર્થ સૌ સાથે જમીએ એમ મનાય છે, પરંતુ તેવું નથી. 'હે ઓમ, અમ ગુરુ–શિષ્ય બંનેની સાથે રક્ષા કરો. અમારું બંનેનું પાલન (ભુનક્તુ) કરો, સાથે શક્તિ (વીર્ય) પામીએ. અમારી વિદ્યા તેજસ્વી થાય, અમે એકબીજાનો દ્વેષ ન કરીએ !' અર્થાત્ ગુરુ–શિષ્ય વચ્ચે દ્વેષ થતો હોવો જોઈએ. આજકાલ તો ઘણા ચેલા ગુરુનું ગળું પણ દબાવી દે છે.

રાજાજીએ આ ઉપનિષદના કેટલાક શ્લોકોની ટીકા–સમીક્ષા કરી છે, તે જોઈએ.

'ઈશ્વર અદ્રશ્યમાન, નાશવંત, વ્યક્ત, ભૌતિક વિશ્વ અને અદ્રશ્યમાન, અમર્ત્ય અવ્યક્ત આધિ ભૌતિક વિશ્વનો ધારણકર્તા છે. જીવાત્મા ઐહિક મોહમાયાના બંધનમાં રહેતો હોવાથી તે ઈશ્વરને જોઈ શકતો નથી. જ્યારે તે બ્રહ્મત્વ પ્રાપ્ત કરે છે ત્યારે તે આત્માની દિવ્યતા સમજે છે અને મુક્તિ મેળવે છે.' (શ્લોક ૧–૮)

રાજાજીએ કેવળ અનુવાદ આપ્યો છે. ટીકા કરી નથી, પરંતુ ઈશ્વરને આપણાં ઐન્દ્રિય સુખો, પ્રેમ, મોહ, માયા સામે શાનો વાંધો હશે ? માણસ સુખેથી જીવતો હોય તો ઈશ્વર દર્શન ન આપી શકે ? વેદાંતીઓ ઈન્દ્રિય સુખો, કામ, તૃષ્ણા, આનંદ, પ્રેમના વિરોધી રહ્યા છે. સર્વ સંસાર, બંધન છોડો, સ્થિતપ્રજ્ઞ બનો, પ્રેમહીન બનો, તો જ ઈશ્વર પ્રાપ્ત થાય. એવા ઈશ્વરની શી જરૂર ?

'ઈશ્વર જીવાત્મા અને ભૌતિક જગતનો રાજા છે, શાસક છે. માણસ ધ્યાન અને ચિંતન દ્વારા વિશ્વની ભ્રમણાઓથી મુક્તિ મેળવી ઈશ્વર, પદાર્થ અને આત્માને સમજી શકે છે.' (શ્લોક ૧–૧૦)

રાજાજી લખે છે કે, 'જેમ કાષ્ટમાં રહેલો અગ્નિ એને આગ લગાડયા સિવાય દેખાતો નથી. એ રીતે ધ્યાન દ્વારા અંદર રહેલો અગ્નિ (પરમાત્મા) જોઈ શકાય છે. તલમાં રહેલ તેલ, દૂધમાં રહેલ ઘી, નદીના પટની અંદર રહેલા પાણી, અરણીમાં રહેલા અગ્નિની જેમ પરમાત્મા આપણા આત્મામાં વસે છે. જ્યારે અરણી બીજા કાષ્ટ પર ઘસવામાં આવે ત્યારે અગ્નિ પ્રગટે છે. નદીમાં વીરડો ખોદવાથી પાણી મળે છે તેમ

આપણા આત્મામાં પરમાત્મા વસે છે. સત્ય, ધ્યાન, ઈન્દ્રિય નિગ્રહ, મન નિગ્રહ દ્વારા, તપ દ્વારા ઈશ્વર પ્રાપ્ત થાય છે. તપની અરણી અને શરીરના કાષ્ટ દ્વારા ઈશ્વર રૂપી અગ્નિ પ્રગટ થઈ શકે છે.'

ઉપર આપેલા બધાં ઉદાહરણ રાસાયણિક કે ભૌતિક છે. અરણી ઘસી કાષ્ટને ગરમ કરવાથી તેમાં રહેલા ઉષ્ણ વાયુઓ છૂટા પડે છે અને રૂના સંસર્ગમાં આવવાથી આગ લાગે છે. દહીંને વલોવવાથી ચરબી વજનમાં હલકી હોવાથી પાણી ઉપર તરી આવે છે. જ્યારે તપ. ધ્યાન, ઈન્દ્રિય નિગ્રહ એ ભૌતિક ક્રિયાઓ નથી. ઈશ્વર, તપ, ધ્યાન, ઈન્દ્રિય નિગ્રહ, ઉપવાસ કરવાથી કેમ મળતો હશે ? યહૂદી ધર્મોમાં પણ ઉપવાસનું મહાત્મ્ય છે. ઉપવાસ કરવાથી મગજને મળતા લોહીમાં પોષક તત્વો ઓછા મળવાથી ભ્રમણા ઉત્પન્ન થાય છે. સ્કિઝોફ્રેનિયા જેવો અનુભવ થાય છે. તેને માણસ ઈશ્વર અનુભૂતિ માને છે. બાકી ઈશ્વર જો પિતા હોય તો તેનાં બાળકોને ભૂખ્યાં રાખવાનું વિચારી શકે ?

અરણી, તેલ વગેરેના ઉદાહરણોનું શ્લોક ૧૩, ૧૪, ૧૫માં પુનરાવર્તન કરવામાં આવ્યું છે.

ખંડ ૪ ના શ્લોક ૧ થી ૪ ઈશ્વરની પ્રાર્થનારૂપે છે. 'વિવિધ સ્વરૂપો જેવાં કે સૂર્ય, ચંદ્ર, વાયુ, તારકગણ, અગ્નિ , જલ, બ્રહ્મા, સ્ત્રી–પુરુષ, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા, પશુ, પંખી, જીવજંતુ, મધમાખી, પોપટ, વાદળ, વીજળી, સાગર, ઋતુઓમાં વ્યકત થતો અને આખરે એકરૂપ થતો ઈશ્વર આદિઅંત વિનાનો છે.' તો પછી ઈશ્વરને શોધવાની શી જરૂર છે ? પુષ્પો, પંખી, પતંગિયા, તારા ઈત્યાદિને જુઓ અને આનંદ માણો !

'જેણે આ વિશ્વ ઘડયું તે દિવ્ય આત્મા દરેક માનવીના હૃદયમાં વસે છે. હૃદય અને બુદ્ધિમત્તાના સંયોગથી અને મનના નિયંત્રણ તથા ધ્યાનયોગથી તે પ્રગટ થાય છે. જે લોકો તે દિવ્ય આત્માને જુએ છે તે અમર થઈ જાય છે. મૃત્યુ પામતા નથી.' (૪–૧૭)

જો ઈશ્વર દરેકના હૃદયમાં વસતો હોય (સારી વાત છે,) તો તેને શોધવા મન મારવાની શી જરૂર ? ધ્યાન શા માટે ? એના હોવાનો હૃદયમાં અનુભવ થવો જોઈએ. વળી જે ઈશ્વરને આ રીતે જોઈ શકે છે તે મૃત્યુ પામતા નથી. પરંતુ વાસ્તવમાં તો સૌ મૃત્યુ પામે જ છે. તો શું કરવું ? વેદાંતીઓએ રસ્તો શોધી કાઢયો. આવો આત્મા મોક્ષ પામે છે. તેથી તેને જન્મ–મરણના ફેરા રહેતા નથી. હવે વ્યક્તિ સ્વર્ગમાં ગઈ, નરકમાં ગઈ કે મોક્ષ પામી તે જોવા કોણ ગયું છે ?

'હૃદયમાં વસેલા 'ઈશ'ને આંખથી નહિ, પરંતુ હૃદય દ્વારા સમજી શકાય અને જે એ રીતે આત્મસાત કરી શકે છે, તેનું હૃદય અમર્ત્ય થાય છે.' (૪–૨૦)

મનથી માની લઈએ કે મારા હૃદયમાં ભગવાન વસે છે. તે શકય છે ? પરંતુ એમ હોય તો માનવસમાજમાં રાગ–દ્વેષ, ખુન્નસ, તિરસ્કાર એવું બધું કેમ હોય છે ? સૌના હૃદયમાં રામ હોય તો રાવણના હૃદયમાં પણ રામ રહેતો હશે જ ને ?

રાજાજી કહે છે, 'જ્યારે માણસને વિશ્વનિયંતા હૃદયમાં હોવાનો જેને અનુભવ થાય ત્યારે તે ચર્મકાર જેમ માથે ચામડું ઉંચકે, તેમ તે મુમુક્ષુ માથે આકાશ રાખી ફરે છે.' આ તો કેવળ ઉપમા અલંકાર થયો.

કેટલાક વિદ્વાન વિશ્વ ઉત્પત્તિનું કારણ પદાર્થ માને છે. કેટલાક મૂર્ખ લોકો સમયનું કારણ આપે છે. પરંતુ આ વિશ્વનું ચક્ર માત્ર ઈશ્વરથી જ ફરતુ રહે છે.' (શ્લોક ૬–૧)

ઉપનિષદકારે ચાર્વાકવાદીઓને સાંભળ્યા લાગે છે. ચાર્વાકે કહ્યું હતું કે 'વિશ્વની ઉત્પત્તિ પદાર્થમાંથી થઈ હતી અને તે પછી રાસાયણિક પક્રિયાથી ચેતના જન્મી હતી.' ચાર્વાક વૈજ્ઞાનિક હતો. ઉપનિષદકાર આધિભૌતિકવાદી હોય તે સહજ છે. સાચો તો ચાર્વાક જ.

'જેમ આકાશને ચામડાની જેમ લપેટવું અશકય છે તેમ પરમાત્માને જાણ્યા વગર દુ:ખદર્દ દૂર ન થઈ શકે. તેથી મનુષ્યે પરમાત્માને શોધવા–જાણવા જોઈએ.' (શ્લોક ૬–૨૦)

મનુષ્યનાં દુ:ખદર્દ તો સામાજિક સમાનતાથી, શોષણમુક્ત સમાજ રચનાથી જ મટી શકે. સારી રોજગારી હોય, કાયદો વ્યવસ્થા સુચારુ હોય તો સામાન્યતઃ માણસ સુખથી જીવી શકે. સ્વભાવગત મર્યાદાને કારણે રાગ–દ્વેષ થાય, તેથી મનદુઃખ તો રહેવાનાં જ.

પ્રભુ સર્વવ્યાપ્ત છે. દરેક જીવ–પદાર્થમાં તે રહેલો છે. તે દરેક જીવિતનો અંતરાત્મા છે. સર્વ પ્રવૃત્તિઓનો નિરીક્ષક છે. જીવનનાં તમામ સ્વરૂપોમાં તે વસે છે. તે સર્વકાલીન સાક્ષી છે. પરંતુ તે નિર્ગુણ છે. સર્વથી પર છે. નિર્લેપ છે.' (૬–૧૧)

અર્થાત્ પ્રભુ હૃદયમાં–આત્મામાં વસે છે, પરંતુ નિર્લેપ રહે છે. સાક્ષીભાવે રહે છે. એટલે કે હત્યારાને હત્યા કરવા દે છે. બળાત્કારીને બળાત્કાર કરવા દે છે, એવો જ અર્થ થયો ને ? જો હૃદયમાં ઈશ્વર રહેતો હોત અને સક્રિય હોત તો આવું થવા દેત ?

'સોળ કળાઓ રહિત, નિષ્ક્રિય, શાંત, નિર્દોષ, નિર્મલ, અમૃતના પરમ સેતુ રૂપ, બળી ગયેલા લાકડાની અંદર રહેલા અંગારાની જેમ ચમકતા એવા પરમાત્માનું હું ચિંતન કરું છું.' (૬–૧૯)

રાજાજી અને ગીતા પ્રેસના અનુવાદમાં ફેરફાર છે. અહીં ગીતા પ્રેસનો અનુવાદ લીધો છે.

'આગના ભડકા શમી ગયા પછી ભાઠો પડે છે, તેમાં અંગારામાં અગ્નિ જીવતો–ચલાયમાન દેખાય છે. તે પરથી ઋષિને પરમાત્માની ઉપમા સૂઝી છે. આપણી ચેતના પણ આપણા કોષોમાં અંગારાની જેમ ભભૂકતી રહે છે.

વેદાંત–પરમ ગુહ્ય–રહસ્યમય જ્ઞાનનું પૂર્વે, વેદના અંતિમ ભાગમાં સારી પેઠે વર્ણન થયું હતું. 'અશાંત મનવાળા મનુષ્યને એનો ઉપદેશ ન અપાય તથા પોતાનો પુત્ર ન હોય કે શિષ્ય ન હોય તેવી વ્યક્તિને આ જ્ઞાન ન આપવું.' (શ્લોક ૬–૨૨)

બ્રહ્મજ્ઞાનને ગુહ્ય–રહસ્યમય આજદિન સુધી કહેવાય છે. વાસ્તવમાં તેમાં આત્મા–પરમાત્માના સંબંધ વિષે કલ્પનાઓ–ખ્યાલો છે. તેમાં કશું રહસ્યમય નથી, પરંતુ ઋષિ આ મહાજ્ઞાન, શાંત ચિત્તવાળી વ્યક્તિ પુત્ર કે શિષ્યને આપવા કહે છે.

રાજાજી વ્યાપક અર્થ કરે છે કે, 'આ જ્ઞાન પિતા કે ગુરુ દ્વારા જ આપી શકાય. પાઠયપુસ્તક વાંચવાથી તે ન પમાય.' શું રાજાજી કોઈ ગુરુ પાસે ગયા હશે કે કેવળ વાંચ્યું હશે ?'

'બ્રહ્મજ્ઞાન મેળવતા પહેલાં ચારિત્ર્ય શુદ્ધ કરવું જોઈએ. મન અને ઈન્દ્રિયોને અંકુશમાં રાખવા જોઈએ.'

પશ્ચિમના વૈજ્ઞાનિકો વૈજ્ઞાનિક શોધો કરે છે, ત્યારે સહજ જીવન જીવે છે. ખાય છે, પીવે છે અને પ્રયોગશાળામાં ખૂંપી જાય છે. આઈનસ્ટાઈન શરાબ પીને પણ સાપેક્ષતાવાદનો સિદ્ધાંત કે ઈ = એમ.સી.સ્કવેર (ઊર્જાસ્ત્રોત) શોધી શકે છે.

રાજાજીના મતે 'માણસ જો કહે કે હું ભગવાન તો અહંકાર આવે.' એ વાત સાચી. ઘણા રાજાઓએ પોતાને ભગવાન જાહેર કરેલા. વળી 'ચારિત્ર્યશુદ્ધિ, નમ્રતા અને નિયંત્રણ વગરનો નાસ્તિકવાદ જ્ઞાનને નુકસાન કરે છે.'

સામાન્યતઃ લોકો ધારે છે કે નાસ્તિક લોકો અનૈતિક, ચારિત્ર્યહીન હોય છે, તે ખોટું છે. ખરેખર તો પોતાને ધાર્મિક કહેવડાવતા બહુધા લોકો અનૈતિક હોય છે, ભ્રષ્ટાચાર અને બળાત્કાર કરે છે. નાસ્તિકો નીતિ–ધર્મનો નહિ, વિધિ–ધર્મનો વિરોધ કરે છે. ઈશ્વર વિના પણ આ પૃથ્વી પર સુખશાંતિથી જીવી શકાય. સ્વર્ગને આકાશથી નીચે ઉતારવાની જરૂર છે.

# ધર્મગ્રંથો અને સૃષ્ટિની ઉત્પત્તિ

**–એન. વી. ચાવડા**

(હવે આપણી વચ્ચે એન. વી. ચાવડા નથી. તેઓશ્રી આપણી વચ્ચે શબ્દદેહે છે. એ શબ્દદેહના ભાગ સ્વરુપ એમણે સત્યશોધક સભાને કેટલાક લેખ મોકલ્યા હતા. એમની યાદ તાજી રાખવા એ પૂરા થાય ત્યાં સુધી અત્રે પ્રગટ કરતા રહીશુ. –સૂ.)

ઋગ્વેદ જગતના સૌથી પ્રાચીન ધર્મગ્રંથ ગણાય છે, પરંતુ એમાં જ સૃષ્ટિ ઉત્પત્તિ અંગે બે પરસ્પર વિરોધી વાતો કરવામાં આવી છે. અર્થાત્ ઋગ્વેદના પુરુષસૂક્તમાં સમગ્ર સૃષ્ટિ કોઈ એક વિરાટ પુરુષના દેહના વિવિધ અંગોમાંથી ઉત્પન્ન થઈ છે. એવું કહેવામાં આવ્યું છે, જ્યારે એ જ ઋગ્વેદના નાસદીયસૂક્તમાં કહેવામાં આવ્યું છે કે, 'આ સૃષ્ટિ ક્યારે, કોણે, કેવી રીતે, શેમાંથી, શા કારણે કોઈએ રચી છે તે કોઈ જાણતું નથી. દેવો અને ઋષિ–મુનિઓ તો સૃષ્ટિ–રચના પછી થયા છે. પછી એ લોકો એ વિશેનું સત્ય કઈ રીતે જાણી શકે ?'

બાઈબલ અને કુરાન કહે છે કે ઈશ્વરે સૌ પ્રથમ આદમ (પુરુષ) અને પછી ઈવ (સ્ત્રી) ઉત્પન્ન કરી અને ત્યારે સમગ્ર સૃષ્ટિની રચના કરતા ઈશ્વરને છ દિવસ થયા અને સાતમે દિવસે ઈશ્વરે આરામ કર્યો.

સૃષ્ટિરચના અંગે ઉપનિષદ આ બધાંથી તદ્દન ભિન્ન મત ધરાવે છે. તે કહે છે કે, 'એકોહમ્ બહુસ્યામ' અર્થાત્, 'ઈશ્વરે પોતે એકમાંથી અનેક થવાનો સંકલ્પ કર્યો કે તરત જ ક્ષણમાત્રમાં સમગ્ર સૃષ્ટિ તૈયાર થઈ ગઈ.'

આ બાબત સ્પષ્ટ કરે છે કે વિશ્વના સમગ્ર ધર્મગ્રંથો સૃષ્ટિરચના અંગે કોઈ એકમેવા દ્વિતિયમ્ એવો એક અને માત્ર એક જ મત ધરાવતા નથી. એટલું જ નહીં, પણ ઋગવેદ જેવો વિશ્વનો પ્રથમ ધર્મગ્રંથ પોતે જ સૃષ્ટિરચના અંગે માત્ર ભિન્ન નહીં, પરંતુ વિરોધી મત ધરાવે છે.

દેશમાં આજે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ વિશે વિવાદ ચાલી રહયો છે ત્યારે એક ધર્મગુરુએ એવું જાહેર નિવેદન કર્યું કે 'માણસ વાંદરામાંથી ઉત્પન્ન થયો છે એવું કોઈ ધર્મગ્રંથમાં કહેવામાં આવ્યું નથી.' અર્થાત્ આ ધર્મગુરુનું કહેવાનું એમ છે કે એવું ધર્મગ્રંથમાં લખવામાં આવ્યું હોય તો જ તેને સાચું માની શકાય. આ સંજોગોમાં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે વિશ્વના તમામ ધર્મગ્રંથોમાં સૃષ્ટિ–રચના અંગે જ જ્યારે કોઈ સ્પષ્ટ એક મત નથી, તો એ સંજોગોમાં કોઈ ધર્મગ્રંથને સૃષ્ટિ રચના અંગે છેલ્લી સત્તા કેવી રીતે માની શકાય ? કે જ્યારે ધર્મગ્રંથો જ અને એક જ ધર્મગ્રંથ ઋગ્વેદ પણ સૃષ્ટિ રચના અંગે એક મત નથી ?

**(વધુ ટા. નં.–૪ ઉપર)**

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

(ચાલુ ટા.–૩ નું)

એમ તો વિશ્વના બધા જ ધર્મગ્રંથોમાં આત્મા–પરમાત્મા, સ્વર્ગ–નરક, પરલોક–દેવલોક, ભૂત–પ્રેત, શેતાન વગેરેના અસ્તિત્વનો ઉલ્લેખ આવે છે. આજપર્યંત આપણને તેના અસ્તિત્વના પ્રત્યક્ષ અને નક્કર પુરાવા ક્યાં મળ્યા છે ? આ સંજોગોમાં ડાર્વિનના ઉત્ક્રાંતિવાદનો વિરોધ કોઈ ધર્મગ્રંથનાં આધારે કેવી રીતે થઈ શકે ? વળી ડાર્વિને પણ માણસ વાંદરામાંથી જન્મ્યો છે એવું નથી કહ્યું. તેણે કહ્યું છે કે, વાંદરામાંથી માણસ પરિવર્તિત થયો છે અને એ પણ લાખો વર્ષ પછી. એ સંજોગોમાં આજે બન્નેના ડી.એન.એ.માં સમાનતા ન જ હોય ને !

## હું જરાયે ધાર્મિક નથી !

બ્રિટન–તુર્કી લેખિકા એલિફ શફકે અત્યાર સુધી ઓગણીસ વિદ્વતાપૂર્ણ પુસ્તકો લખ્યા છે. એનું 'ફોર્ટી રૂલ્સ ઓફ લવ' પુસ્તક જગવિખ્યાત થયું છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ એના લીધેલા ઈન્ટરવ્યુમાં એમણે એમના તણાવપૂર્ણ બાળપણથી માંડી એ કેવી રીતે લેખિકા બન્યા તેના હૃદયંગમ જવાબ આપ્યા. એમને એ પણ પૂછવામાં આવ્યું કે, શું તેઓ આધ્યાત્મિક, ધાર્મિક કે બિનસાંપ્રદાયિક છે ? શું આ ત્રણે એક જ વ્યક્તિમાં  સાથે હોઈ શકે ?'

એલિફે જવાબમાં પહેલું જ વાકય કહ્યું, 'હું જરાયે ધાર્મિક નથી. તેમાંયે જે સંસ્થાકીય ધર્મ છે તેમાં તો હું જરાયે માનતી નથી. આધ્યાત્મિકતા તો તદ્દન અંગત બાબત છે. જેમ દરેકની આંગળીની રેખાઓ અલગ હોય છે, તેમ દરેકની આધ્યાત્મિકતા અલગ હોય છે. બિનસાંપ્રદાયિકતા જ મહત્વની છે કે જ્યાં ધર્મનું પ્રભુત્વ રહેતું નથી, જાહેર જીવનને ઘડે છે અને ખાસ તો એ મહિલાઓના જાહેર જીવનને ઘડતી હોય છે.

માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત સોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ